# જિલ્લામાં વધુ ૧ ૮ ઉમેદવારી પત્રો ભરાયા

**કુલ ૨૬ ઉમેદવારી પત્રો જિલ્લાની પાંચ બેઠક પર ભરાયા : સૌથી વધુ ગાંધીનગર (ઉ) બેઠક પર**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠક માટે આજે વધુ ૧ ૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૬ ઉમેદવારોએ તેમની ઉમેદવારી નોંધાવી છે.

જિલ્લામાં જે રીતે પ્રાદેશિક પક્ષો અને અપક્ષો દ્વારા ઉમેદવારી નોંધાવવામાં આવી રહી છે તેનાથી જિલ્લાની બધીય બેઠકો માટે બહુકોણીય જંગ જામશે તે લગભગ નિશ્ચિત થઈ ચુકયું છે. અત્યાર સુધીમાં સૌથી વધુ ઉમેદવારો ગાંધીનગર (ઉ) બેઠક પર નોંધાયા છે જેની સંખ્યા નવ પર પહોંચી છે.

આજે જે ૧ ૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે તેમાં બસપાના બે ઉમેદવારો, આમ આદમી પાર્ટીના બે, પ્રાદેશિક પક્ષ રાષ્ટ્રીય જનક્રાંતિ પાર્ટીના એક, ભારતીય રાષ્ટ્રવાદી પાર્ટીના એક તેમજ બહુજન મુકિત પાર્ટીના ૧ અને ૧ ૧ અપક્ષ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

બહુજન સમાજ પાર્ટી એ દહેગામ તેમજ ગાંધીનગર (ઉ) બેઠક પર ઉમેદવારી નોંધાવી છે.

આજે સૌથી વધુ ઉમેદવારી પત્રો ગાંધીનગર (ઉ) અને માણસા બેઠક પર પાંચ-પાંચ ભરાયા છે જયારે કલોલમાં ૪ ઉમેદવારી પત્રો ભરાયા છે. દહેગામમાંથી ૩ ઉમેદવારી પત્રો અને ગાંધીનગર (દ) બેઠક પરથી એક ઉમેદવારી પત્ર ભરાયું છે.

સોમવારે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે અને આ દિવસે સૌથી વધુ ઉમેદવારી પત્રો ભરાશે તેમ મનાઈ રહ્યું હોઈ તંત્ર દ્વારા આ અંગે ખાસ વ્યવસ્થા તૈયાર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

## કઈ બેઠક પર કોણે ફોર્મ ભર્યુ

| બેઠક | ઉમેદવારનું નામ | પક્ષ |
|---|---|---|
| ૩૪-દહેગામ | રાવલ કિરીટકુમાર નટવરલાલ | અપક્ષ |
| | સોનારા રમણકુમાર | બહુજન સમાજ પાર્ટી |
| | ચૌધરી રાજેશકુમાર બેચરભાઈ | અપક્ષ |
| ૩૫-ગાંધીનગર (દક્ષિણ) | રાવલ કિરીટકુમાર નટવરલાલ | અપક્ષ |
| ૩૬-ગાંધીનગર (ઉત્તર) | પરમાર પ્રતિકકુમાર ગુણવંતભાઈ | અપક્ષ |
| | રાઠોડ ગોવિંદભાઈ મોહનભાઈ | બહુજન સમાજ પાર્ટી |
| | પટેલ ગુણવંતકુમાર કેશવલાલ | આમ આદમી પાર્ટી |
| | પટેલ અલ્કાબેન ગુણવંતકુમાર | આમ આદમી પાર્ટી |
| | મુઠડીયા વિપુલચંદ્ર મનસુખલાલ | રાષ્ટ્રીય જનક્રાંતિ પાર્ટી |
| ૩૭-માણસા | પરમાર નરેન્દ્રભાઈ મગનલાલ | અપક્ષ |
| | ઠાકોર બાબુજી શંકરજી | અપક્ષ |
| | પ્રજાપતિ આશિષકુમાર આત્મારામ | અપક્ષ |
| | ઠાકોર બાબુજી જોઈતાજી | અપક્ષ |
| | પટેલ અમૃતભાઈ માધવલાલ | ભારતીય રાષ્ટ્રવાદ પક્ષ |
| ૩૮-કલોલ | પરમાર જીતેન્દ્રભાઈ ગંગારામ | બહુજન મુક્તિ પાર્ટી |
| | વાઘેલા વિજયકુમાર લાલજીભાઈ | અપક્ષ |
| | પટેલ સતિષકુમાર રમેશભાઈ | અપક્ષ |
| | વ્યાસ વિષ્ણુપ્રસાદ છોટાલાલ | અપક્ષ |




વાક્બાણ - ચૂંટણીનું પ્રચાર યુદ્ધ આરંભાઈ ચુક્યુ છે... સામે સામે આક્ષેપો અને પ્રતિઆક્ષેપોનો મારો ચાલી રહ્યો છે... બંને પક્ષો દિલ્હીથી મોટા મોટા નેતાઓને બોલાવી પરસ્પર આક્ષેપ કરી રહ્યા છે... ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતા અને સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામને કોંગ્રેસ પક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા...

# જિલ્લામાં ઉમેદવારોની પસંદગીનું કોકડું ગુંચવાયુ

**ઉમેદવારની પસંદગીના મુદ્દે જિલ્લાનું રાજકારણ કરવટ તો નહિ બદલેને..! : જિલ્લામાં આજે ૧૧૭ ફોર્મ ઉપાડવામાં આવતાં અત્યાર સુધીમાં ૩૭૪ ફોર્મ ઉપડ્યા જે રાજકીય ઘટનાઓમાં વિક્રમ સમાન : માણસામાં ૧૧૩, દહેગામમાં ૭૦, ગાંધીનગર (ઉ)માં ૬૭, ગાંધીનગર (દ)માં ૬૩ અને કલોલમાં ૬૧ ફોર્મ ઉપડી ગયા**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકોની સામાન્ય ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાનો એક જ દિવસ બાકી હોવા છતાં જંગમાં ઝંપલાવવા માંગતા ઈચ્છુકો દ્વારા ઉમેદવારી પત્રો મેળવવા માટે આજે પણ ચૂંટણી અધિકારીઓની કચેરીઓમાં દોડધામ કરતા જણાયા હતા. આજે આ જંગ માટે સૌથી વધુ ૧ ૧ ૭ ફોર્મ ઈચ્છુકો દ્વારા ઉપાડવામાં આવતાં જિલ્લામાં રાજકીય બળવાના સંકેતો મળી રહ્યા છે.

જિલ્લાની પાંચ બેઠક માટે આજ સુધીમાં ૩૭૪ ઉમેદવારી પત્રો ઈચ્છુકો દ્વારા લઈ જવામાં આવ્યા છે જે પણ જિલ્લાના રાજકીય ક્ષેત્રમાં એક વિક્રમી ઘટના તરીકે જોવામાં આવી રહી છે.

જિલ્લાની પાંચ બેઠક માટે આજ સુધીમાં ૩૭૪ ઉમેદવારી પત્રો ઈચ્છુકો દ્વારા લઈ જવામાં આવ્યા છે જે પણ જિલ્લાના રાજકીય ક્ષેત્રમાં એક વિક્રમી ઘટના તરીકે જોવામાં આવી રહી છે.

જિલ્લાની માણસા બેઠક માટે ૧ ૧ ૩ ઈચ્છુકો દ્વારા, દહેગામ બેઠક માટે ૭૦ ઈચ્છુકો, ગાંધીનગર (ઉ) માટે ૬૭ ઈચ્છુકો, ગાંધીનગર (દ) બેઠક માટે ૬૩ ઈચ્છુકો અને કલોલ બેઠક માટે ૬૧ ઈચ્છુકોએ ઉમેદવારીપત્ર લીધા છે.

બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષમાં જો અને તો ના ગણિત સાથે ટિકિટવાંચ્છુઓ દ્વારા બે થી ત્રણ સેટમાં ઉમેદવારીપત્રો રજુ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત ડમી ઉમેદવારો દ્વારા પણ ઉમેદવારીપત્ર રજુ કરવામાં આવશે.

જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોમાં ઉકળતા ચરૂ જેવો માહોલ છે. આ વખતે જે રીતે પ્રાદેશિક પક્ષોએ જિલ્લાના જંગમાં ઝુકાવ્યુ છે તેને લઈ રાજકીય ગણિતો અઘરા બની રહ્યા છે. બન્ને પક્ષમાં સ્થાનીકો ઉમેદવારની માગં સાથે કાર્યકરોની ગુપ્ત બેઠકોનો દોર ચાલી રહ્યો છે એટલુ જ નહિ આયાતી ઉમેદવારો સામે પણ એવો જ રોષ કાર્યકરો દ્વારા વ્યક્ત થઈ રહ્યો છે.

જિલ્લામાં ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસે રાજકીય સમીકરણો પણ બદલાતા જોવા મળે

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામ અને માણસાના ભાજપના ઉમેદવારો જાહેર

**માણસામાં અમિત ચૌધરી અને દહેગામમાં બલરાજસિંહ ચૌહાણને ભાજપે ટીકીટ આપી જિલ્લાની પાંચ પૈકી ગાંધીનગર ઉત્તર, દક્ષિણ અને કલોલમાં આજકાલમા ટીકીટ ફળવાશે : કોંગ્રેસે જિલ્લાની પાંચ બેઠકો પર હજુ સુધી એકપણ ઉમેદવારો જાહેર કર્યા નથી**

ગાંધીનગર તા ૨૪

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી નવા સમીકરણો મંડરાતા ટીકીટ ફાળવવાનો મુદ્દો પણ પરિણામલક્ષી ઉત્તેજના સમાન બની ગયો છે. ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પૈકી કોંગ્રેસે એક પણ બેઠક પર ઉમેદવારોના નામ જાહેર કર્યા નથી. ત્યારે ભાજપે પણ માત્ર બે ઉમેદવારોના આજે નામ જાહેર કર્યા છે. જેમાં માણસાની બેઠક પર અપેક્ષિત અમિત ચૌધરીને ટીકીટ આપવામાં આવી છે. જયારે દહેગામની બેઠક પર પુર્વ ધારાસભ્ય કલ્યાણસિંહ ચૌહાણના પુત્ર બલરાજસિંહને ટીકીટ આપવામાં આવી છે. જયારે અન્ય ત્રણ બેઠકો પર સસ્પેન્સ યથાવત છે.

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી રાજકીય પક્ષો ઉમેદવારોની યાદી આખરી કરવા માટેના અંતિમ દોરમા છે. ત્યારે હજુ પણ ઘણી બેઠકો અનિશ્ચત છે. ટીકીટ મેળવવા માટેના પ્રબળ દાવેદારો આશ માંડીને



બેઠા છે. ગાંધીનગર જિલ્લામાં પણ પાંચેય બેઠકો પર આવી જ સ્થિતિ છે. ત્યારે આજે ભાજપ દ્વારા બે બેઠકો પર ઉમેદવારોના નામ આખરી કરતા અનુમાનોનો અંત આવી ગયો છે. જો કે હજુ પણ ત્રણ બેઠકો પર નામ આખરી કરવાના બાકી છે.

ભાજપે આજે જાહેર કરેલી પાંચમી યાદીમાં માણસા તેમજ દહેગામ બેઠક પરના ઉમેદાવારોના નામ જાહેર કર્યા છે. જેમાં દહેગામ બેઠક પર પુર્વ ધારાસભ્ય કલ્યાણસિંહ ચૌહાણના પુત્ર બલરાજસિંહ ચૌહાણને ટીકીટ ફાળવી છે. બીજીતરફ માણસાની બેઠક પર ચુંટણી જાહેર થઇ ત્યારથી જીભે ચઢેલા અમિત ચૌધરીને પક્ષે ટીકીટ આપી છે. અમિત ચૌધરીને ટીકીટ આપવાની ભાજપની નિતી સામે સ્થાનિકોમા આક્રોશ પણ પ્રબળ જોવા મળી રહયો છે. આગામી ચુંટણીમાં પક્ષે તેનુ પરિણામ પણ ભોગવવુ પડશેતેમ મનાઇ રહયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

ખુશ ખબર
અવનવી ડિઝાઈનમાં લગ્ન કંકોત્રી અને ચાંલ્લા કવર ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ
ૐકાર ગ્રાફીકસ
અમારે ત્યાંથી લગ્ન કંકોત્રી અને ચાંલ્લા કવર ખરીદનારને
૫૦% ડિસ્કાઉન્ટ અને કોમ્પ્યુટર ડિઝાઇન ફ્રી
❖ કોમ્પ્યુટર મલ્ટીકલર ડીઝાઈન ❖ આમંત્રણ પત્રિકા ❖ લેટરપેડ
❖ ગુજરાતી - અંગ્રેજી ટાઈપીંગ ❖ વિઝીટીંગ કાર્ડ ❖ સ્ટીકર
❖ ડી.ટી.પી જોબવર્ક ❖ સોવિનીયર ❖ ફ્લેક્ષ બેનર
ૐકાર ઝેરોક્ષ
અમારે ત્યાં ઝેરોક્ષ, લેમીનેશન અને સ્પાઇરલ બાઇન્ડીંગ કિફાયત ભાવે કરી આપવામાં આવશે.
સંપર્ક :- વિશાલ પંડ્યા, મો. ૯૮૨૪૦ ૫૯૬૩૫, કનૈયાલાલ પંડ્યા, મો. ૯૪૨૮૨ ૧૭૫૫૭
બી-૫, બેઝમેન્ટ, શાલીન કોમ્પ્લેક્ષ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


# શહેરમાં મોસમની વિક્રમ ઠંડી

**મહત્તમ ઠંડી પારો ૧૧ ડી ગ્રી એ ઉતર્યો : છેલ્લા ૨૪ કલાકમાં જ ઠંડીનો પારો ત્રણ ડિગ્રી ગગડયો : ઠંડીની અસરથી જનજીવન પ્રભાવિત : નગરજનો ગરમ કપડામાં લપેટાયા**

ગાંધીનગર તા ૨૪

શેહરમાં એકબાજુ ચંટણીની ગતિવિધિઓ વચ્ચે રાજકીય માહોલમાં ગરમાવટ જોવા મળી રહયો છે. ત્યારે મોસમનો મિજાજ પણ નાટયાત્મક રીતે બદલાતો હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે. આજે લઘુત્તમ તાપમાન ત્રણ ડી ગ્રી ઘટતા ઠંડીનો પારો ૧ ૧ ડી ગ્રી પહોંચી ગયો હતો. સિઝનની મહત્તમ ઠંડીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. ઠંડીનુ જોર વધતા નગરજનો ગરમ કપડામાં લપેટાઈને ઘરની બહાર જવાનુ પસંદ કરે છે. સવારે પણ વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળતા શાળાએ જતા વિદ્યાર્થીઓ અને મોર્નિંગ વોક કરનારાઓ પ્રભાવિત થયા છે.

શહેરમાં નવેમ્બર મહીનાના અંતમાં ઠંડીની મોસમ મુડમાં આવી રહી છે. ઠંડીનો પારો દિન પ્રતિદિન ગગડી રહયો છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧ ૩.૮ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે છેલ્લા ૨ ૪ કલાકમાં જ ઠંડીનો પારો ત્રણ ડી ગ્રી ગગડતા શહેર ઠંડીની આહોશમાં આવી ગયુ છે. આજે લઘુત્તમ તાપમાન ૧ ૧ ડી ગ્રી નોંધાયુ હતુ. લઘુત્તમ તાપમાન ઘટતા અચાનક જ વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. અત્યાર સુધી દિવસે ગરમીનો અહેસાસ કરતા નગરજનો હવે ઠંડીની અસરથી પ્રભાવિત થયા છે. દિવસ દરમિયાન પણ ઓફિસ અને ઘરોમાં પંખા બંધ જોવા મળે છે. અલબત્ત બેવડી ઋતુની અસર દુર થઈ હોવાનો અહેસાસ પણ નગરજનો કરી રહયા છે. જો કે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે ત્રણ ગણો તફાવત જોવા મળી રહયો છે. મહત્તમ તાપમાન ૩૧ ડી ગ્રી એ




રહયુ હતુ.

વાતાવરણમાં અચાનક જ ઠંડીનુ મોજુ ફરી વળતા જનજીવન પ્રભાવિત થયુ છે. સાંજ ઢળતા જ નગરના માર્ગો પર ચહલ પહલ ઓછી થઈ જાય છે. જયારે રાત્રીના સમયે સુનકાર જોવા મળે છે. અત્યાર સુધી સિઝનની મહત્તમ ઠંડીનો અનુભવ થતા નગરજનો હવે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. જયારે શ્રમિકોની વસાહતમાં તાપણાં જોવા મળી રહયા છે. ઠંડીના લીધે સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓ અને મોર્નિંગ વોક કરનારાઓ પણ પ્રભાવિત થયા છે. ચુંટણીના ગરમાવા વચ્ચે ઠંડીનો ચમકારો પ્રવર્તતા રાજકીય માહોલ વચ્ચે શરદીની ઋતુ પણ તીખા તેવરમાં જોવા મળી રહી છે. આગામી દિવસોમાં હજુ પણ ઠંડી વધે તેવી શકયતા છે.

# સેકટરોમાં કંગાળ સરકારી આવાસોના મજબૂતીકરણ માટે ૩ કરોડ ખર્ચાશે

**સે-૮, સે-૨૪ અને સે-૬ માં કામ શરૂ કરાયુ : આગામી જુન મહીના સુધીમાં વિવિધ કક્ષાના ૨૨૮ મકાનો તૈયાર કરી દેવાશે**

ગાંધીનગર તા ૨૪

શહેરમાં સરકારી આવાસો રહેણાંકને લાયક ન રહયા હોવાનુ સ્પષ્ટ થયુ છે. દાયકાઓ જુના સરકારી આવાસો ભયજનક સ્થિતિમાં છે. જયારે મોટાભાગના રહેણાંકને લાયક નથી. આવા સંજોગોમાં માર્ગ મકાન વિભાગ દ્વારા તબક્કાવાર આવાસ મજબુતીકરણનુ કામ હાથ ધરવામાં આવે છે. માર્ગ મકાન વિભાગ દ્વારા સે-૮, સે-૨ ૪ અને સે-૬ માં વિવિધ કક્ષાના ૨ ૨ ૮ મકાનોના રીનોવેશનનુ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ રૂ ૨.૯૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરમાં સરકારી આવાસોની હાલત અત્યંત ખરાબ છે. નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ પણ મોટાભાગના આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાનુ સ્પષ્ટ થયુ છે. અગાઉ નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ પણ તબકકાવાર મકાનો તોડવાની કામગીરી ચાલુ છે. જયારે બીજીતરફ વિવિધ કેટેગરીના મકાનોના મજબુતીકરણનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરમાં નિકાલ

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com